તરસાડી નગરપાલિકા-તરસાડી, જી. સુરત

તરસાડી નગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઈજારદારશ્રીઓ તરફથી ઈ-ટેન્ડરીંગ પદ્ધતીથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબ સાઈટ https://tender.nprocure.com/ ઉપર તા.૨૯/૦૪/૨૦૨૫ થી તા.૦૬/૦૫/૨૦૨૫ સુધી ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા.૦૬/૦૫/૨૦૨૫ સુધી ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડરો માટેની ઇ.એમ.ડી., ટેન્ડર ફી તથા જરૂરી સાધનીક કાગળો તા.૧૦/૦૫/૨૦૨૫ સુધીમાં તરસાડી નગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એ.ડી. થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડરો મંજુર કે નામંજૂર કરવાની સતા નગરપાલિકા ની રહેશે.

અ. નં.	કામનું નામ	૧. અંદાજીત રકમ ૨. સરકારમાન્ય શ્રેણી	૩. ટેન્ડર ફી ૪. ડીપોઝીટ
૧.	૧૫મું નાણાપંચ યોજના / SBM ગ્રાન્ટ હેઠળ તરસાડી નગરપાલિકા વિસ્તારમાં ડમ્પિંગ સાઈટ પરથી લેગસી વેસ્ટ નિકાલ કરવાનું કામ	૧) રૂ.૪૦,૭૩,૮૨૩/- ૨) ઈ-૧ ક્લાસ અને ઉપર	૩) રૂ.૧,૫૦૦/- ૪) રૂ.૪૦,૭૫૦/-

ચીફ ઓફિસર, તરસાડી નગરપાલિકા — પ્રમુખ, તરસાડી નગરપાલિકા

કમાંક : માહિતી-સુરત/૧૧૭/૨૦૨૫

શ્રી પી.એમ. રાવલ, ઈ/ચા. સંયુકત ચેરિટી કમિશ્નરશ્રી, સુરત વિભાગ, સુરત સમક્ષ

સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, એ-બ્લોક, ૪થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત.-૩૯૫૦૦૧

ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એકટ-૧૯૫૦ ની કલમ-૩૬ હેઠળ ટ્રસ્ટની મિલકત બક્ષીસથી આપવા અંગે વાંધા/સુચનો મંગવવાની જાહેર નોટીસ

પરવાનગી અરજી નંબર : ૩૬/૨૩/૨૦૨૪

અરજદાર :- શ્રી વ્યકંઠ મહાદેવ તથા કામેશ્વર મહાદેવ મુ. ઓવિયાણી, કોસમાડા, એ/૧૦૦૪/સુરત ટ્રસ્ટ વતી ટ્રસ્ટીશ્રી હસમુખપુરી ઈશ્વરપુરી ગોસ્વામી વિગેરે-૨, રહે. સરપંચ ફળિયુ, ગામ-કોસમાડા, તા. કામરેજ, જિ. સુરત.-૩૯૫૦૦૬

ઉપરોકત અરજદારોએ અત્રેની કચેરીમાં શ્રી વ્યકંઠ મહાદેવ તથા કામેશ્વર મહાદેવ મુ.ઓવિયાણી, કોસમાડા, એ/૧૦૦૪/સુરત ટ્રસ્ટની માલીકીની સ્થાવર મિલકત કે જે સુરત ડીસ્ટ્રીકટ, મોજે ગામ-કોસમાડા, તાલુકે કામરેજ, મુકામે આવેલ અને ટ્રસ્ટના પી.ટી. આર પર નોંધાયેલ જૂના સર્વે નં. ૨૮૫, અને પછી ફરી સર્વે નંબરમાં સુધારો થતાં જુના સર્વે નંબર અને બ્લોક નંબર ૩૨૦, અને ત્યારબાદ સરકારશ્રી ના તા.૩/૦૭/૨૦૧૬ ના દીને પ્રમોલગેશનના હકુમ મુજબ નવા બ્લોક અને સર્વે નં. ૩૧૮, જેનું કુલ્લે ક્ષેત્રફળ ૯૨૩૮ ચો.મી. વાળી જૂની શરતની ખેતી લાયક ઉપયોગ વાળી જમીન, સરખા હેતુ ધરાવતા INTERNATIONAL SOCIETY FOR KRISHNA CONSCIOUSNESS, નોંધણી નં. એફ/૨૧૭૯/મુંબઈ ટ્રસ્ટને કોઈ પણ જાતના અવેજ લીધા વગર વીના મુલ્યે બક્ષીસમાં આપવા તબદીલ કરવા સારૂ પરવાનગી અરજી કરેલ છે. જેનો અરજી નં. ૩૬/૨૩/૨૦૨૪ છે.

ઉપરોકત મિલકતના બક્ષીસથી તબદીલ અંગેના વ્યવહાર સામે જો કોઈ હિતાધિકારીને વાંધા/સુચન/રજુઆત હોય, તેઓએ પોતાના વાંધા/સુચન/રજુઆત જરૂરી આધાર પુરાવા અને સોગંદનામા સહીત નીચે જણાવેલ સરનામે તા.૨૬/૦૫/૨૦૨૫ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. અત્રેની કચેરીને મળેલ વાંધા/સુચન/રજુઆતની સુનાવણી તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે રાખવામાં આવેલ છે તો સુચન/વાંધા/રજુઆત કરનારને સદરહુ તારીખે અને સમયે સુનાવણી માટે અચુક હાજર રહેવાનું રહેશે.

અસલ વાંધા/સુચન/રજુઆત મોકલવાનું અને સુનાવણી માટે હાજર રહેવાનું સરનામું	વાંધા/સુચન/રજુઆતની નકલ મોકલવાનું સરનામું
સંયુકત ચેરિટી કમિશનરશ્રી, સુરત સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, એ-બ્લોક, ૪ થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.	ટ્રસ્ટીશ્રી હસમુખપુરી ઈશ્વરપુરી ગોસ્વામી શ્રી વ્યકંઠ મહાદેવ તથા કામેશ્વર મહાદેવ, મુ. ઓવીયાણી, કોસમાડી, જિ. સુરત.

આજ તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનાર : (ડી.એ.ગોહીલ) - બેંચ કલાર્ક (હિસાબનીશ)
મુકાબલ કરનાર : (એમ.સી. તડવી) - રજિસ્ટ્રાર
(પી.એમ.રાવલ) ઈ.ચા.સંયુકત ચેરિટી કમિશ્નર, સુરત વિભાગ, સુરત.

અંકલેશ્વર નગરપાલિકા, અંકલેશ્વર
ટેન્ડર નોટીશ (બીજો પ્રયત્ન)

અંકલેશ્વર નગરપાલિકાને નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઈસમો, ઈજારદારો, સપ્લાયરો પાસેથી સીલબંધ કવરમા ટેન્ડરો મંગાવવામા આવે છે. ટેન્ડર ફક્ત રજીએડી/સ્પીડ પોષ્ટથી, કે રૂબરૂમા મોકલવાના રહેશે.

અ. નં	કામની વિગત	અંદાજીતખર્ચ એનર્સ્ટમની ટેન્ડર ફી
૧	સને ૨૦૨૫/૨૬ ના વર્ષ માટે ન.પા.ના જુદા જુદા ખાતાઓના રજીસ્ટર, રસીદ બુકો વિગેરે છાપકામ કરવા અંગેના વાર્ષિક ભાવ આપવા અંગેનુ કામ	૨,૦૦,૦૦૦/- ૨૦૦૦/- ૬૦૦/-

(૧) ટેન્ડરનું વેચાણ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ સુધી ઓફીસ સમય દરમ્યાન નગરપાલિકાના સ્ટોરખાતામાંથી મળી શકશે.
(૨) જાહેરાત પસિધ્ધ થયેથી દિન-૧૫ મા ટેન્ડર રજી એડી/ સ્પીડપોસ્ટથી કે રુબરુમા નગરપાલિકાને મોકલી આપવાના રહેશે.
(૩) દરેક ટેન્ડરના કવર ઉપર કામની વિગત લખવાની રેહશે.
(૪) મુદ્દત બહારનાકે શરતી ટેન્ડરો ધ્યાને લેવામા આવશે નહી.
(૫) દરેક ટેન્ડર સાથે ડીપોઝીટની રકમ નગરપાલિકામા રોકડેથી જમા કરાવ્યા અંગેની પહોંચ અથવા અંકલેશ્વર નગરપાલિકાના નામનો ડીમાન્ડ ડ્રાફટ રજુ કરવાનો રેહશે. ડીપોઝીટ વગરનુ ટેન્ડર માન્ય ગણાશે નહી.
(૬) ટેન્ડર મંજુર કે નામંજુર કરવુ તે અંગેની સત્તા નગરપાલિકાની રહેશે તે અંગે કોઈ કારણ આપવામાં આવશે નહી.
(૭) ઉપરોકત કામે તમામ ટેક્ષ નોંધણીના પ્રમાણપત્રની ખરી નકલ રજુ કર્યેથી ટેન્ડર કોપી આપવામા આવશે.
(૮) નગરપાલિકાને જયારે જરુર પડશે ત્યારે ઓર્ડર મુજબ કામ કરી આપવાનું રહેશે.

(કેશવલાલ એમ.કોલડીયા) ચીફ ઓફીસર અંકલેશ્વર નગરપાલિકા ન.પા. કચેરી, અંકલેશ્વર
(નીલેશઆર.પટેલ) ચેરમેન, કા.કમીટી અંકલેશ્વર નગરપાલિકા
(લલીતાબેન બી. રાજપુરોહિત) પ્રમુખ અંકલેશ્વર નગરપાલિકા
માહિતી/ભરૂચ/૬૧/૨૦૨૫

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફક્કી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 8238380822
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat

કાશ્મીરના આતંકવાદના હુમલા પર આધારિત ફિલ્મ
ગ્રાઉન્ડ ઝીરો — ૯.૦૦, ૧૧.૩૫, ૨.૧૦, ૩.૦૦, ૪.૪૫, ૭.૨૦, રાત્રે ૯.૦૦, ૧૦.૩૫, ૧૧.૦૦
ઓલ ધ બેસ્ટ પંડયા — ગુજરાતી : સવારે ૧૧.૪૫
NEZHA-2 — ૧.૩૫, ૬.૨૦
Until Dawn — હિન્દી : ૯.૨૫, ૧૧.૩૦, ૪.૧૫, રાત્રે ૯.૦૦

ગુજરાતી પારિવારીક ફિલ્મ
આન્ટી-પ્રેન્યર — ૯.૧૫, ૧૧.૪૫, ૨.૧૫, ૪.૪૫, ૭.૧૦, રાત્રે ૯.૩૫
કેસરી ચેપટર-2 — ૯.૨૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૩૦, ૨.૪૦, ૫.૨૦, ૪.૧૦, ૬.૫૦, રાત્રે ૮.૦૦, ૯.૩૦
જાટ — * સન્ની દેઓલ * ઉર્વશી રોતાલા — ૯.૦૫, ૧૦.૩૦, ૧૨.૦૦, ૩.૦૦, ૫.૩૦, ૬.૦૦, રાત્રે ૮.૨૦, ૯.૨૫, ૧૧.૧૦
મીઠડાં મહેમાન — ૯.૨૫, ૧૨.૩૫, ૨.૨૫, ૪.૪૫, ૭.૦૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

RAJHANS MULTIPLEX — એ.આર.મોલ, મોટા વરાછા, સુરત.
ગ્રાઉન્ડ ઝીરો — ૯.૩૦, ૧૧.૩૦, ૪.૧૫, ૬.૪૫, રાત્રે ૯.૧૫
મીઠડાં મહેમાન — ૧૨.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૭.૧૫, રાત્રે ૯.૩૦
જાટ — ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૫૫
કેસરી ચેપટર-2 — ૯.૩૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૩૦, ૭.૩૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦
ઉંબરો — ગુજરાતી : ૨.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

સુરત મહાનગરપાલિકા જાહેર નોટીસ

આથી સેન્ટ્રલ ઝોનનાં આરોગ્ય વિભાગના વોર્ડ નં ૧૨, વાંકીબોરડી ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં શ્રી સંજયભાઈ રાજેશભાઈ રાણા (કર્મ.નં. ૪૩૫૯૭) તમો તા.૦૬/૦૬/૨૦૧૭ થી આજદિન (તા.૩૦/૧૧/૨૦૨૪) સુધી માં કુલ ૧૬૮૫.૫ દિવસ અનધિકૃત રીતે ગેરહાજર રહેલ છો. જેથી સદર બાબતે તમોને ચાર્જશીટ નં. સી.ઝેડ/એસ્ટા/આઈ/૨૫, તા. ૧૭/૦૨/૨૦૨૪ માં જણાવ્યા મુજબ તમોને સુરત મહાનગરપાલિકાની નોકરીમાં રૂચી ન હોવાનો આરોપ મુકવામાં આવેલ. જે અંગે તમને યાદપત્રો તથા બચાવની તકો આપવામાં આવેલ છે તેમ છતાં કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ તમને બચાવની પુરતી તક મળી રહે તે મુજબ સુનાવણીમાં પણ બોલાવવામાં આવેલ હોવા છતાં તમો હાજર રહેલ નથી અને આપવામાં આવેલ ચાર્જશીટનો જવાબ/ખુલાસો રજુ કરેલ નથી તેમજ હાજર થવા તેમજ બચાવની તક મળી રહે તે માટે બહોળી પ્રસિધ્ધી ધરાવતાં બે દૈનિક અખબાર (૧) ગુજરાત સમાચાર અને (૨) ગુજરાત મિત્રમાં તા.૧૯/૦૫/૨૦૨૪ ના રોજ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ. જેમાં તમોને સેન્ટ્રલ ઝોનના પર્સોનેલ ઓફિસરશ્રી સમક્ષ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં રૂબરૂ સંપર્ક કરવા જણાવેલ હતું. પરંતુ તમો આજદિન (તા.૩૦/૧૧/૨૦૨૪) સુધી સેન્ટ્રલ ઝોનમાં આવેલ તેમની વોર્ડ ઓફિસ કે વહીવટી કચેરીએ રૂબરૂ સંપર્ક કરેલ નથી. આમ સળંગ ૧૬૮૫.૫ દિવસ અનધિકૃત રીતે ફરજ પર ગેરહાજર રહેતા તમોએ સ્વૈચ્છાએ સુરત મહાનગરપાલિકાની નોકરી ત્યજી દીધેલ હોવાનુ ધ્યાને આવતા મા.મ્યુનિ. કમિશનરશ્રી ની તા.૦૬/૦૧/૨૦૨૫ ની મંજુરીથી ડેપ્યુટી કમિશનરશ્રી સેન્ટ્રલ ઝોનના કચેરી હુકમ નં. સી.ઝેડ/એસ્ટા/૧૫૮, તા.૦૪/૦૨/૨૦૨૫ થી તમોને સુરત મહાનગરપાલિકાની નોકરીમાંથી "દુર" કરવાનો હુકમ કરેલ છે. જેની નોંધ લેવી.

(ડી.સી. ભગવાગર) એડી સીટી ઈજનેર સેન્ટ્રલ ઝોન સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ/૬૫/૨૦૨૫-૨૬
તા. ૨૮/૦૪/૨૦૨૫

Diamond Research and Mercantile City Limited

A Government of Gujarat owned Company
CIN: U75143GJ2015SGC083828
DCL Office Building, B.No.-I77, R.S.No.-111/A1, Village-Khajod, Taluka-Choryasi, District-Surat-395007.
EOI Notice No.MD/DCL/03/2025-26

Diamond Research and Mercantile City Limited is inviting quotation from with the following work

Sr.	Name of Work
1.	Hiring Service of CS Firm for filing & certification of Various Forms during the year 2025-26 and Annual Filing in Extensible Business Reporting Language for the Financial Year 2024-25 of Diamond Research and Mercantile City Limited. (2nd Attempt)

Bidders can download Notice & documents and can get more information from website https://www.dreamcitysurat.in from 30/04/2025 to 07/05/2025.

General Manager (Planning & Development) DREAM City Limited
No.DREAM City/Adv./03/2025-26
Date-28/04/2025

પારડી નગરપાલિકા જી.વલસાડ

નિવિદા નંબર-૦૧/૨૦૨૫-૨૬
ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

પારડી નગરપાલિકા, કિલ્લા-પારડી, જિલ્લા વલસાડ ધ્વારા નીચે જણાવેલ કામોના વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના વાર્ષિક ભાવો માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડરની વધુ માહિતી / શરતો ઓનલાઈન ઉપલબ્ધ છે.

કામનું નામ	૧. અર્નેસ્ટ મની ડીપોઝીટ ૨. ટેન્ડર ફી (ડી.ડી.)
(૧) નગરપાલિકાના બાંધકામ વિભાગ, સેનેટરી વિભાગ, વોટર વર્કસ વિભાગ, દિવાબતી વિભાગના માલસામાન અંગેના વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના વાર્ષિક ભાવો મંગાવવા બાબત.	૧. રૂા.૧૦,૦૦૦/- ૨. રૂા.૧૦૬૨/-
(૨) પારડી નગરપાલિકા કચેરીને સીકયુરીટી ગાર્ડ પુરા પાડવા બાબત. (૨૪ કલાકનો ભાવ)	૧. રૂા.૧૦,૦૦૦/- ૨.રૂા.૧૦૬૨/-
(૩) નગરપાલિકા વિસ્તારમાં આવેલ સરકારી ખુલ્લી જગ્યામાં હોર્ડીંગ્સ લગાવવા ફીટીંગ સાથેના કમ્પલીટ ભાવ મંગાવવા બાબત	૧. રૂા. ૧૦,૦૦૦/- ૨.રૂા.૧૦૬૨/-
(૪)નગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના પોલ ઉપર જાહેરાત અંગેના બોર્ડ લગાવવા ફીટીંગ સાથેના કમ્પલીટ ભાવ મંગાવવા બાબત. (એક પોલનો ભાવ આપવો)	૧.રૂા.૧૦,૦૦૦/- ૨.રૂા.૧૦૬૨/-
વેબસાઈટનું નામ	https://tender.nprocure. com
ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	તા. ૧૨/૦૫/૨૦૨૫ ૧૮-૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, ઈ.એમ.ડી. (ડીમાન્ડ ડ્રાફટ) તથા જરૂરી ડોક્યુમેન્ટ રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	તા. ૧૬/૦૫/૨૦૨૫ ૧૮-૦૦ કલાક સુધી ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા.પારડી જિ.વલસાડ. ૩૯૬૧૨૫
ટેન્ડર ખોલવાની અંદાજીત તારીખ	તા.૧૭/૦૫/૨૦૨૫

ઉપરોકત ટેન્ડર માટે વધારાની માહિતી માટે ઉપરોકત વેબસાઈટ ઉપરાંત માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હકકો / અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે.

કારોબારી અધ્યક્ષ પારડી નગરપાલિકા — ચીફ ઓફિસર પારડી નગરપાલિકા — ઉપપ્રમુખ પારડી નગરપાલિકા — પ્રમુખ પારડી નગરપાલિકા
નં. માહિતી/વલસાડ/૯૧/૨૦૨૫

પારડી નગરપાલિકા જી.વલસાડ

નિવિદા નંબર-૧/૨૦૨૫- ૨૬
ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

પારડી નગરપાલિકા, કિલ્લા-પારડી, જિલ્લા. વલસાડ દ્વારા નીચે જણાવેલ કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડરની વધુ માહિતી /શરતો ઓનલાઈન ઉપલબ્ધ છે.

કામનું નામ	૧. અંદાજીત રકમ ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ ૩. ટેન્ડર ફી ૪. રજીસ્ટ્રેશન વર્ગ
૧. પારડી નગરપાલિકામાં શહેરના મુખ્ય રસ્તાઓની સાફ સફાઈ કરી કચરો ઉચકી ડમ્પીંગ સાઈટ સુધી લઈ જવાનું કામ	૧.રૂા. ૨૯,૪૯, ૨૦૭.૩૭ ૨. રૂા.૨૯,૫૦૦.૦૦ ૩. રૂા. ૧૭૭૦.૦૦ ૪. ક્લાસ "E1" તથા તેની ઉપર
વેબસાઈટનું નામ	https://tender.nprocure.com
ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	તા.૦૭/૦૫/૨૦૨૫ ૧૮-૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, ઈ.એમ.ડી.(ડીમાન્ડ ડ્રાફટ) તથા જરૂરી ડોક્યુમેન્ટ રજીસ્ટર પોસ્ટ એડી, સ્પીડ પોસ્ટ તથા કુરીયરથી પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	તા.૧૨/૦૫/૨૦૨૫, ૧૮-૦૦ કલાક સુધી ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા.પારડી જિ.વલસાડ. ૩૯૬૧૨૫
ટેન્ડર ખોલવાની અંદાજીત તારીખ	તા.૧૩/૦૫/૨૦૨૫

ઉપરોકત ટેન્ડર માટે વધારાની માહિતી માટે ઉપરોકત વેબસાઈટ ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હકકો /અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે.

ચીફ ઓફિસર પારડી નગરપાલિકા પારડી — પ્રમુખ પારડી નગરપાલિકા પારડી
નં. માહિતી/વલસાડ/૮૯/૨૦૨૫

Valentine Multiplex — DOLBY ATMOS
કેસરી ચેપટર-2 — અક્ષયકુમાર, અનન્યા પાંડે, આર.માધવન — ૯.૫૦, ૧૨.૦૫, ૨.૨૫, ૫.૦૦, ૭.૩૫, રાત્રે ૯.૧૫, ૧૦.૧૦
Until Dawn — હિન્દી A : ૧૨.૨૦, ૨.૩૫, ૭.૧૫
ગ્રાઉન્ડ ઝીરો — ૯.૨૫, ૧.૨૫, રાત્રે ૧૦.૨૦
જાટ — ૧૦.૨૦, ૪.૧૦
આન્ટી-પ્રેન્યર — ગુજરાતી : ૪.૪૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

CINEZZA Multiplex — મહારાજા ફાર્મ, ડી માર્ટ પાસે, મોટા વરાછા, સુરત.
કેસરી ચેપટર-2 — ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦
જાટ — ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, રાત્રે ૯.૪૫
મીઠડાં મહેમાન — ગુજરાતી : ૯.૩૦, ૧૨.૦૦, ૫.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦
ઓલ ધ બેસ્ટ પંડયા — ગુજરાતી : ૯.૦૦, ૨.૦૦
ગ્રાઉન્ડ ઝીરો — ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૧૫
ANUNTYPRENEUR — ગુજરાતી : ૬.૪૫
ઉંબરો — ગુજરાતી : ૨.૩૦
Until Dawn — ૧૧.૪૫, ૪.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

અનુસંધાન ... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

પાર્ટીએ ગાઢ નિદ્રામાંથી ઊઠવું જોઈએ અને પ્રતીકવાદ પર ભાર મૂકવાને બદલે સાચા અર્થમાં જનતા સુધી પહોંચવા માટે જમીન પર ઊતરવું જોઈએ અને કામ કરવું જોઈએ.

ડીસીપીએ સિનિયરની સલાહ લીધા વિના ઇડીને પત્ર લખતાં વિવાદ

તાજેતરમાં દિલ્હી પોલીસ મુખ્યાલયમાં એક ડીસીપી-રેન્કના અધિકારી સાથે વિવાદ થયો હતો, જેમણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને પત્ર લખીને દિલ્હીની બહારના વિસ્તારોમાં કાર્યરત ગેંગસ્ટરો/ગુનેગારો સામે મની લોન્ડરિંગ તપાસની માગણી કરી હતી.અધિકારીએ નેતાને ઈડીમાં મોકલતા પહેલા તેના વરિષ્ઠ અધિકારીઓ સાથે સલાહ લીધી ન હતી. આના પરિણામે વિભાગમાં વિવાદ શરૂ થયો હતો. અહેવાલ મુજબ, અધિકારી પત્ર પાછળનો પોતાનો હેતુ સ્પષ્ટ કરવા માટે પોલીસ મુખ્યાલય ગયા હતા, પરંતુ વરિષ્ઠ અધિકારીઓને મળવાનો સમય મળ્યો નહીં અને મુલાકાત લીધા વિના પાછા ફર્યા હતા. બાદમાં તેમના વરિષ્ઠ અધિકારીઓએ અધિકારીને કહ્યું કે, બીજી તપાસ એજન્સીને આવો પત્ર મોકલતા પહેલા તેમનો સંપર્ક કરો. પોલીસ સંગઠનના કામકાજમાં ચોક્કસપણે સત્તાવાર પ્રોટોકોલનો મુદ્દો સામેલ છે. સંબંધિત અધિકારી આનું પાલન કરવામાં દેખીતી રીતે નિષ્ફળ ગયા છે.

દેશનું નામ 'વસાહતી ભારત'થી બદલીને 'ભારત' કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની એક સંસ્થા દેશનું નામ 'વસાહતી ભારત'થી બદલીને 'ભારત' કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવવાની યોજના બનાવી રહી છે. જ્ઞાન મહાકુંભ પછી આરએસએસનું એક મુખ્ય સંગઠન શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, 'એક રાષ્ટ્ર, એક નામ: ભારત' નામનું સહી અભિયાન શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. ત્યાર બાદ સંગઠન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને રૂજૂઆત કરશે. રસપ્રદ વાત એ છે કે, સંગઠન પહેલાથી જ મધ્ય પ્રદેશની ચાર યુનિવર્સિટીઓને આ માટે ઠરાવ પસાર કરાવવામાં સફળ રહ્યું છે. આજકાલ દેશનું નામ બદલવાના પ્રયાસોના પ્રવાહમાં આ એક બીજું પગલું છે. આરએસએસ અને વ્યાપક સંઘ પરિવાર માટે આનું વૈચારિક મહત્ત્વ હોઈ શકે છે, નામ બદલવાથી ઇતિહાસને વિકૃત કરવામાં કે રાષ્ટ્રના વિકાસમાં કોઈ મદદ મળશે નહીં. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શાસક ભાજપ અને આરએસએસ બંનેએ આ મુદ્દા પર સ્પષ્ટ વલણ અપનાવવું જોઈએ અને નામ બદલવાની રાજનીતિથી થતા કોઈપણ ભય કે મૂંઝવણને અટકાવવી જોઈએ.

નૌકાદળ માટે...

અઠવાડિયા પછી આ મોટા સોદા પર મહોર લાગી.

શરતો હેઠળ, કરાર પર હસ્તાક્ષર કર્યાના લગભગ પાંચ વર્ષ પછી યુદ્ધ વિમાનની ડિલિવરી શરૂ થશે.

જુલાઈ 2023માં, સંરક્ષણ મંત્રાલયે શ્રેણીબદ્ધ ચર્ચા-વિચારણા અને વિમાનના મૂલ્યાંકન પરીક્ષણો પછી મોટી ખરીદી માટે પ્રારંભિક મંજૂરી આપી હતી.

સૈન્ય મંત્રાલયે કહ્યું હતું કે રાફેલ-મરીન ભારતીય હવાઈ દળ દ્વારા ઉપયોગમાં લેવાતા રાફેલને સમાન છે.

ફક્ત રૂા. ૭૦/- થી શરૂ
જબરજસ્ત ફુલ એકશન થ્રીલર
જાટ — * સન્ની દેઓલ * ઉર્વશી રોતાલા * રણદીપ હુડા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
ફુલ એકશન થ્રીલર
ધ ડીપ્લોમેન્ટ — જોન અબ્રાહમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય તો ચીન કોની પડખે રહેશે?

ડાંગે માર્યાં પાણી જુદાં ન પડે તેમ ચીન અને પાકિસ્તાનને જુદાં પાડવા ભારત માટે અશક્ય છે. સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ X પર દાવો કરવામાં આવ્યો હતો કે ચીને પાકિસ્તાનને તેના JF-૧૭ ફાઇટર જેટ માટે ભારત સાથેના તણાવને ધ્યાનમાં રાખીને PL-૧૫ ખૂબ જ લાંબા અંતરની હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઇલોની તાત્કાલિક ડિલિવરી કરી દીધી છે. આ મિસાઈલની રેન્જ ૨૦૦ થી ૩૦૦ કિલોમીટરની હોવાનું માનવામાં આવે છે. તેનાથી તેને ભારતનાં ફાઈટર જેટ વિમાનો માટે એક પડકાર ઊભો થશે તેમ માનવામાં આવી રહ્યું છે. ચીન માટે જો ભારત એમ માનતું હોય કે ભારત-પાકિસ્તાન વચ્ચેના સંભવિત યુદ્ધમાં ચીન ભારતની તરફેણ કરશે અથવા તટસ્થ રહેશે, તો તે ભારતની મોટી ભૂલ છે. ચીન પાકિસ્તાનનું પરંપરાગત સાથીદાર છે અને રહેશે.

ચીન ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ પર નજીકથી નજર રાખી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે ચીનના વિદેશ પ્રધાન વાંગ યી અને પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઇશાક ડાર વચ્ચે ફોન પર વાતચીત થઈ તે પછી ચીને નિષ્પક્ષ તપાસની પાકિસ્તાનની માંગણીને સમર્થન આપ્યું છે. આ પહેલાં પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે એક જવાબદાર દેશ તરીકે પાકિસ્તાન નિષ્પક્ષ, પારદર્શક અને વિશ્વસનીય તપાસમાં સહયોગ કરવા તૈયાર છે. ચીને તાજેતરમાં પહેલગામના આતંકવાદી હુમલાની નિંદા કરતું નિવેદન બહાર પાડ્યું હતું. આ નિવેદનથી ગેલમાં આવી ગયેલા ભારતના નેતાઓને ઠંડો ડામ દેતા હોય તેમ ચીને પહેલગામ હુમલાની નિષ્પક્ષ તપાસ કરાવવાની પાકિસ્તાનની માગણીને ટેકો જાહેર કર્યો છે. આ તપાસની માગણી કરવાનો અર્થ એવો થાય છે કે પહેલગામ હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાનું ચીનને સ્વીકાર્ય નથી.

જો ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય અને ભારતનું લશ્કર પશ્ચિમી મોરચે લડતું હોય ત્યારે ચીન લડાખ અથવા અરુણાચલ પ્રદેશના રસ્તે ભારત પર આક્રમણ કરીને મુસીબત પેદા કરી શકે છે. ચીન અને ભારત વચ્ચેનો વેપાર ૧૦૦ અબજ ડોલર નજીક પહોંચી ગયો છે ત્યારે ચીન પાકિસ્તાનને મદદ કરીને પોતાના પગ ઉપર કુહાડો મારવા તૈયાર થશે કે નહીં તે જોવાનું રહે છે.

ચીન અને પાકિસ્તાન પરંપરાગત સાથીદાર છે. આર્થિક મોરચો હોય કે સંરક્ષણ ક્ષેત્ર, ચીને પાકિસ્તાનને મદદ કરી છે. બંને વચ્ચેની મિત્રતા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળે છે. જો કે, આ મિત્રતા પહેલાં એટલી ગાઢ નહોતી. સ્વતંત્રતા પછી ભારત માટે ચીનની પ્રાથમિકતા પાકિસ્તાન કરતાં ઘણી વધારે હતી. ૧૯૫૬માં ચીનના વડા પ્રધાન ચાઉ-એન-લાઈની મુલાકાતે ચીન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ